॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

નખત્રાણા-કચ્છ

કાર્યાલય: ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦.

● સં. ૨૦૭૬ ● જેઠ વદ - ૧૪ ● તા. ૨૦-૦૬-૨૦૨૦ ● શનિવાર MOB. : WHATSAPP- 9422884366, 7410087935. hmtsanatandharmpatrika@gmail.com

કોરોનાને મહાત આપનાર અર્પિત છગનભાઈ ભાવાણી. નરોડા - અમદાવાદ કચ્છમાં રસલીયા.

સંયોજક : ડૉ. ચંદાબેન ભાવાણી, નરોડા-અમદાવાદ.

તારીખ ૮ જૂન કોરોના ના લક્ષણો જણાતા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે દાખલ થયેલ જ્યાં ૯ જૂનના તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો, અર્પિત શરૂઆતથી જ પોઝિટિવ હતો, ત્યારે તેમનો પોતાનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતા એક ક્ષણ માટે ટેન્શન આવી ગયું હતું પણ બીજી ક્ષણે હિંમત રાખી “હું કોરોના નો સામનો કરીશ” એવા અંતર આત્મા ના અવાજ સાથે સિવિલમાં કોરોના સારવાર માટે પોતાની જાત ને તૈયાર કરી, તેમના શબ્દોમાં કહીએ … “તો સરકારી સિવિલ કોરોના વિભાગમાં ખુબ જ સરસ અને સારી રીતે સારવાર કરવામાં આવી સાથે તેના પેરામેડિકલ સ્ટાફ ના પોઝિટિવ વાતાવરણ અને માનસિક સપોર્ટ મળ્યો ગુજરાત સરકાર આટલી સારી દર્દીઓની સારવાર કરી રહી છે, તેનો જાત અનુભવ મેળવ્યો એટલે એટલું જ કહીશ કે કોરોનાથી ગભરાશો નહીં અને સરકારની ગાઇડ લાઇનને અનુસરી આનો ફેલાવો અટકાવો આપણી પ્રાથમિક અને પ્રથમ ફરજ બને છે તે ખાસ એક જ વાત કરી છે કોરોના થી ડરો નહીં હિંમત રાખો સામનો કરો તો ચોક્કસ કોરોના ને મહાત આપી શકીએ છીએ.” આજે ૧૯ જૂનના રોજ અર્પિત કોરોના સામેના જંગમાં કોરોના ને હરાવી સંપૂર્ણ સ્વસ્થ થઈ અને ઘરે પરત ફરેલ છે.

અર્પિત ભાવાણી ની આ હિંમત અને એમના પોઝિટિવ વિચારો એ એમને આજે ઘર સુધી પરત આવવા માં કઈ જ તકલીફ પડી નથી અને એ જ પરિવાર અને સોસાયટીના સભ્યોએ આવા અર્પિત ભાવાણી ને કોરોના ની જંગ સામે લડી અને સ્વસ્થ બની જ્યારે પોતાના ઘરે પરત આવ્યા છે ત્યારે એ પરિવારે, સોસાયટી ના લોકોએ ખૂબ જ સારી રીતે આપણી સંસ્કૃતિને છાજે તે રીતે, શાસ્ત્રોકૃત શ્લોકો ના પઠન કરી સાથે એમનું વેલકમ કર્યું છે.

આપણે અર્પિત ના શબ્દો અને અર્પિત ની હિંમત અને અર્પિતાના પોઝિટિવ વિચારો ને ધ્યાનમાં લઈશું અને એ જ શબ્દોને ફરી દોહરાવું છું આપણે કોરોના થી ડરશું નહીં હિંમત રાખીશું અને હિંમત રાખીને સામનો કરશું, સરકારી ગાઈડલાઈન્સ અનુસરશું તો આપણે કોરોનાથી પણ બચશુ અને ફેલાવો થતો અટકાવી શકશું. બસ આટલું જ … મુખ્ય ઉદેશ સાથે આ લેખ લખવામાં આવ્યો છે.

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. “સનાતન ધર્મ પત્રિકા” ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૧૮. ૦૬. ૨૦૨૦ પ્રશ્ન નંબર - ૨૨.

આપણા દેશમાં રાજ્ય સભાની કેટલી સીટો છે ? તેમાં ગુજરાત ની કેટલી ?

સાચો જવાબ: રાજ્ય સભાની ૨૪૫ સીટો છે, તેમાં ગુજરાતની ૧૧ સીટ.

સાચો જવાબ આપનાર વિજેતા: ધનજી ૐ. ભાવાણી - સંબલપુર (ઓડિશા)

તા. ૧૯.૦૬.૨૦૨૦ ગઈકાલ નો પ્રશ્ન નંબર - ૨૩.

સનાતની સિપાહી નારાયણ રામજી લીંબાણી કચ્છમાં કયા ગામ ના હતા…??

આજના પ્રશ્ન માટે જુઓ સમાચાર વિડિયો ક્લિપ,

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ …

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

કોરોના એ લીધો વધુ એક સમાજ સેવક નો ભોગ

સંયોજક : અંજુ બેન ધોળું - મુંબઈ

સ્વઃ હરીલાલ ગંગદાસ પારસીયા. ઉમર વર્ષ ૬૫
કચ્છમાં ગામ દેશલપર (વાંઢાય)
હાલે ઘાટકોપર (મુંબઈ) નિવાસી.

તેઓ શ્રી ઘાટકોપર સમાજના ભૂ. પૂ. પ્રમુખ અને ચુંટણી પંચ ૨૦૨૦ ના માનદ સભ્ય એવા સંનિષ્ઠ સામાજિક કાર્યકર હતા. તેમની અકાળે વિદાયથી સમાજને બહુ મોટી ખોટ પડી છે, તેઓ આજ સવારના તારીખ ૧૯ જૂન ૨૦૨૦ ના સાત વાગ્યાની આજુબાજુ સ્વર્ગવાસ સિધાવેલ છે, અત્રે ની હિંદુ સભા હોસ્પિટલમાં તેઓ કોરોના ની સારવાર હેઠળ છેલ્લા ૨૨ દિવસ થી હતા. તેમનો પાર્થિવ દેહ સરકાર શ્રીના કાયદા અનુસાર પરિવારના પાંચ સભ્યોની હાજરીમાં સુપ્રત કરવામાં આવેલ હતો. ત્યારબાદ ઘાટકોપર હિન્દુ સ્મશાન ભૂમિમા બપોરના પોણા બે વાગ્યા ની આસપાસ એમના દીકરા અલ્પેશ ના હાથે અગ્નિદાહ આપવામાં આવેલ. તેઓની અંતિમ યાત્રામાં અત્યારની પરિસ્થિતિ ને ધ્યાને રાખી માત્ર તેમના પરિવાર જનો જ જોડાયેલ હતા.

અને હાલ ના સંજોગો ને ધ્યાને લઈ બેસણા નો કાર્યક્રમ રાખ્યો નથી તેવી જાણકારી આપેલ..

અખિલ ભારત સમાજ સહિત પ્રચાર પ્રસાર ટીમ આવા સમાજ સેવક ને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ પાઠવે છે.

આપણા જ્ઞાતિ જનોના અવસાન ની ટૂંકી નોધ આપણા ડેલી ન્યુઝ પત્રક માં આ પ્રમાણે આપવાનું ચાલુ કરીએ છીએ..

-પ્રચાર પ્રસાર સમિતિ.

અવસાન સમાચાર…

સ્વર્ગવાસ તા.૧૮ જૂન, ૨૦૨૦

સ્વ. વાલબાઈ પેથારામ રામાણી (સેંઘાણી),
ઉ.વ. ૯૮, કચ્છમાં ગામ નખત્રાણા,
હાલે મૈસુર રોડ સમાજ (બેંગલોર).

ooooo----------------ooooo

સ્વર્ગવાસ તા.૧૭ જૂન, ૨૦૨૦

સ્વ.મુળજીભાઈ કાનજીભાઈ ખેતાણી,
કચ્છ માં મોટી વિરાણી,
હાલે નરોડા અમદાવાદ.

જ્ઞાતિજનો ને આપણા સનાતની પરિવાર જનોના અવસાન ની જાણ થાય તે સંદર્ભ માં આ વિભાગ ચાલુ કરી રહ્યા છીએ, તો દરેક સંયોજક આ બાબતે ધ્યાન આપે.. અને તેમના વિસ્તારની જાણકારી આપે.

કોઈ અગ્રણી સમાજ સેવક અથવા હાઈ પ્રોફાઈલ લોકો માટે ફોટો સાથે શ્રદ્ધાંજલિ આપશું પરંતુ જો તે માસિક અંક માં નોધાવશે તો જ. તેનું કન્ફરમેશન પ્રેસનોટ માં મોકલનાર એ લઈ ને મોકલવું.

વિશેષ કોઈ ઘટના બની હશે તો તે પ્રેસનોટ તરીકે લેવાશે..

પ્રેરણાત્મક … આપણે સૌ એ અપનાવવા જેવું …

પ્રચાર પ્રસાર સમિતિ.

નિલેશ સુરાણી યુવાસંઘ ના પ્રચાર પ્રસાર સેન્ટ્રલ પ્રોજેક્ટ ઓફિસર છે જે એક શિક્ષક પણ છે, તેઓ સનાતન ધર્મ પત્રિકા માટે ના સભ્યપદ માટે રોજ રોજ જેમના જન્મદિવસ છે તેમને આ સમાજ પ્રચાર પ્રસાર નું પોતીકું પત્રિકા જન્મ દિવસથી મારા પરિવાર ને ભેટ નું અભિયાન શરૂ કરેલ છે..

૧૭ તારીખ ની પ્રચાર અને પ્રસાર મિશન અને યુવાસંઘ ટોપ અગ્રણીઓ સાથે સનાતન ધર્મ પત્રિકા ની વહીવટી ટિમ સાથે સંયુક્ત વેબીનાર માં કેટલાક એક્સન પ્લાન નું આયોજન થયું, તેમાંનું આ કામ ગઈકાલ થી જ નિલેશ ભાઈ એ આરંભ કરેલ છે.. અને તેમનું લક્ષ્ય છે યુવાસંઘ ના તમામ રિજીયન કારોબારી ને ૨૦૨૦ માં પત્રિકા ના સભ્ય બનાવી દેવા.. એક નિરંતર અભિયાન એમનું ચાલુ રહેશે.

પ્રેરણાત્મક જાગ્યા ત્યાંથી સવાર …

નિલેશભાઈ ને અભિનંદન … કાર્ય કરનાર સૌ જોડાઈએ … મિશન ૧૧૧૧૧+ … સૌનો સાથ, આપણા મુખપત્ર નો વ્યાપ અને વિકાસ.

શું છે બોર્ડર પરનો મામલો, શા માટે ચીન ઉત્તેજિત થાય છે…. આવો જાણીએ

ચીન સાથેના અમારા હાલના વિવાદના કેન્દ્રમાં દરબુક-શ્યોક-દૌલત બેગ ઓલ્ડી રોડ છે. સિયાચિન અને દૌલત બેગ ઓલ્ડી (ડીબીઓ) એ કારાકોરમ રેન્જનો ભાગ છે. કારાકોરમ રેન્જમા નિયંત્રણને મજબુત બનાવવા માટે આપણે ડીબીઓ પર પકડ પણ વધારવી પડશે જે સિયાચીન માટેનો રસ્તો છે. અહીંના બેઝ કેમ્પ સુધી આપણી પહોંચ છે, પરંતુ આપણી પાસે ડીબીઓ સુધી પહોંચવાનો રસ્તો નહતો. આપણે ઈચ્છીએ છીએ કે ઓછામાં ઓછું એક બ્રિગેડ સેક્ટર ત્યાં ગોઠવાય અને રસ્તાના નિર્માણથી જ આ શક્ય છે. જો આપણે આવું કરીશુ તો ચીનને આપણા જવાબમાં કે આપણને પરેશાન કરવા માટે આ વિસ્તારમાં ઓછામાં ઓછો એક વિભાગ ગોઠવો પડશે. એનો મતલબ આપણા કરતા વધારે ફોર્સ લગાવવી પડશે. અત્યારે આ રોડ બનાવવાના કાર્ય થકી આપણે આ ક્ષેત્રમાં મજબુત બની રહ્યા છીએ.

હાલમાં અહી લડાખ સ્કાઉટ અને ઈન્ડો-તિબેટિયન બોર્ડર પર પોલીસના જવાનો ગોઠવવામાં આવ્યા છે. જો આપણને ડીબીઓમાં મોટી સંખ્યામાં સૈનિક ડીપ્લોય કરવા હોઈ તો માર્ગ કે લોજીસ્ટીક્સ વિના થઈ શકશે નહીં.

મુખ્ય ૩ કારણો છે જેના માટે આ માર્ગ આપણા માટે ખુબ જ મહત્વપૂર્ણ છે.

૧. નિયંત્રણ

ચીનને ભારતના જે માર્ગ થી આપત્તિ છે તે માર્ગ લેહ અને દૌલત બેગ ઓલ્દી (ડીબીઓ)ને સાથે જોડે છે, જે વ્યુહાતમક રીતે એકદમ મહત્વપૂર્ણ છે. આપણને કારાકોરમ રેન્જ પર મજબૂત બનાવે છે. અહીં આપણી નિયંત્રણ કરવાની ક્ષમતા વધશે. દૌલત બેગ ઓલ્ડી લદ્દાખનો ઉત્તરીય ખૂણો છે. અક્સાઈ ચીનની નજીક એલએસી થી દૌલત બેગ ઓલ્ડી ૧૦ કી.મી થી પણ ઓછા અંતરે છે. આ વિસ્તારમાં માર્ગ બનવાથી આપણે એલએસીના ખૂબ નિકટ આપણી ગતિવિધિઓ વધારી શકીશું. આ સમગ્ર ક્ષેત્રમાં આપણી નજર પણ મજબૂત બનશે.

૨. આપૂર્તિ

ડીબીઓમાં જ દુનિયાની સૌથી ઊંચી એયર સ્ટ્રીપ છે. જેથી તેની દેખરેખ, ફ્યુલ, જહાજોના સ્પેયર ની હેરફેર શક્ય નથી. માર્ગ બની જવાથી આ સરળ બનશે યુદ્ધની સ્થિતિમાં આ ખૂબ ઉપયોગી બનશે અને એની પણ ખૂબ જરૂર પડશે.

૩. વાહન વ્યવહાર

આ માર્ગ ઓલ વેધર રોડ છે. જેના પર સેનાએ ૩૭ પ્રી ફેબ્રિકેટેડ અને આરસીસી ના પુલ બનાવ્યા છે. આ અવરજવર માટે ખૂબ સુવિધાજનક છે. પહેલા આ વિસ્તાર શ્યોક નદીમાં પૂરને કારણે અવર- જવરને લાયક રહેતો નહોતો. માર્ગની ઊંચાઈ ખૂબ વધુ છે. આ જુદા જુદા સ્થાન પર ૧૩ હજાર ફીટથી લઈને સોળ હજાર ફીટ સુધી ઉંચી છે. તેને બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (બીઆરઓ) બનાવી રહ્યું છે.

જાણકારી સ્રોત : લેફ્ટિનેંટ જનરલ સૈયદ અતા હસનૈન (રિટાયર) સાથેની વાતચીત પર આધારિત.

કોરોના અપડેટ

આજે કુલ કેસ - ૩૮૫૦૦૦+
એક્ટિવ કેસ - ૧૬૪૦૦૦+
રિકવર કેસ - ૨૦૮૦૦૦+
મૃત્યુ નો આંકડો - ૧૨૬૭૭